LIKE & FOLLOW: /Mumbaisamachar4u



અમરેલીમાં પાટીદાર યુવતી સાથે પોલીસે કરેલા અમાનવીય વર્તનના વિરોધમાં ભાવનગર જિલ્લા પાટીદાર સમાજ, કરણીસેના, ભાવનગર જિલ્લા ક્ષત્રિય સમાજ, સામાજિક એકતા જાગૃતિ મિશન, તેમ જ અઢારે વરણે સાથે મળી યુવતીના ન્યાય માટે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આપ્યું હતું. (તસવીર વિપુલ હિરાણી, ભાવનગર)

# માવઠાની વકી વચ્ચે કચ્છને ગાત્રો થિજાવી દેતી ઠંડીમાંથી નોંધપાત્ર રાહત મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છને ધ્રુજાવતી ઠંડીના પ્રમાણમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહ્યો છે અને મહત્તમ અને લઘુતમ ઉષ્ણતામાનનો આંક ત્રણથી ચાર ડિગ્રી જેટલો ઉપર આવતાં ઠારમાં નોંધપાત્ર ઘટાડો થતાં જનજીવન થાળે પડી રહ્યું છે. અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ત્રણ-ચાર દિવસ અગાઉ નોંધાયેલા ૬.૪ ડિગ્રી તાપમાન સામે આજે ૧૦ ડિગ્રી જેટલું લઘુતમ તાપમાન, જયારે ૨૯ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાતાં તીવ્ર ટાઢોડાને કારણે મૂર્છિત થઈ ગયેલા જનજીવને ભારે રાહત અનુભવી હતી.

નલિયા સિવાયના અન્ય મથકોમાં પણ ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો હતો જેમાં જિલ્લાના મુખ્ય મથક ભુજમાં આજે લઘુતમ ૧૩.૪ ડિગ્રી, અને મહત્તમ તાપમાનનો આંક ૩૦.૧ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચો નોંધાતા શહેરીજનોએ રાહતનો દમ લીધો હતો. કંડલામાં લઘુતમ તાપમાનનો આંક ૧૬ ડિગ્રી સે.પર પહોંચ્યો હતો.વહેલી સવારે અને સાંજ ઢળ્યા પછી હવામાં ભેજનું પ્રમાણ ઘટી જતાં ગ્રામીણ કચ્છમાં શહેરો કરતાં થોડી વધારે ઠંડી રહેતાં ગ્રામજનો ઠેર-ઠેર તાપણાં સભાઓ યોજીને ઠંડીથી બચવાના પ્રયાસો કરતા નજરે પડી રહ્યા હતા.

દરમિયાન, હવામાન વિભાગે વ્યક્ત કરેલા પૂર્વાનુમાન મુજબ કચ્છમાં આજથી ન્યૂનતમ પારો બેથી ચાર ડિગ્રી જેટલો ઊંચકાવાની સાથે મહત્તમ તાપમાન પણ ઊંચું આવશે, જોકે, શીતમથક નલિયામાં હજુ પણ ઠંડીનું સામ્રાજ્ય થોડા દિવસો માટે જારી રહેશે તેવી શક્યતા વ્યક્ત કરાઇ હતી.

# ભાવનગર શહેર જિલ્લામાં પક્ષીઓને બચાવવા દવા મેડિકલ કિટ સાથે ૨૫ જીવદયા પ્રેમીઓ, ૩ એમ્બ્યુલન્સ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: ૧૪ જાન્યુઆરીએ ઉત્તરાયણ છે, આ દિવસે અનેક નિર્દોષ પક્ષી ઘાયલ થશે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રેરણા ફાઉન્ડેશન સંચાલિત જીવદયા હોસ્પિટલ અગિયાળી દ્વારા ભાવનગર શહેર અને જિલ્લામાં પક્ષી બચાવ મહાઅભિયાન હાથ ધરાયું હતું. જે વન વિભાગ ભાવનગર સાથે સંકલનમાં રહી કાર્ય કરશે.

જીવદયા હોસ્પિટલની મેડિકલ ટીમે જણાવ્યું હતું કે, રોડ પર અથવા ઝાડ પર ઘાયલ પક્ષી મળી આવે તો તેને સંભાળીને કાર્ડબોર્ડના ખોખા અથવા બાસ્કેટમાં મૂકીને જીવદયા મેડીકલ ટિમ સુધી પહોંચાડવું જોઈએ. ભાવનગર શહેર જિલ્લામાં વિવિધ જીવદયા પ્રેમીઓની મદદથી પ્રેરણા ફાઉન્ડેશનને ૨૫ થી વધુ હેલ્પલાઈન નંબર અને જીવદયા પ્રેમીની ટિમ કાર્યરત કરી છે. જે અલગ અલગ વિસ્તારમાં ઘાયલ પક્ષીઓને બચાવવાનું કામ કરશે. આ ટિમ ૨૦ જાન્યુઆરી સુધી કાર્યરત રહેશે.

ઉતરાયણ દરમિયાન વાપરવામાં આવતો માંજો દર વર્ષે અનેક પક્ષીઓને ઘાયલ કરે છે. ઉત્તરાયણ બાદ પણ આ દોરાઓ ઝાડ અને તાર પર ફસાયેલા હોવાના કારણે તેની પરથી ઉડતા પક્ષીઓ ઘાયલ થઈ જાય છે. જેમાં ઘણી વખત પાંખ, ચાંચ અને ગળા જેવા અંગ કપાઈ જવા પર મૃત્યુ પણ થઈ શકે છે. આવી સ્થિતિમાં ઘાયલ પક્ષી મળી આવે તો તેને કેવી રીતે સાચવવું જોઈએ. આ અંગે જીવદયા હોસ્પિટલ અગિયાળીની તબીબી ટીમે જણાવ્યું હતું કે, રોડ પર અથવા ઝાડ પર ઘાયલ પક્ષી મળી આવે તો તેને સંભાળીને કાર્ડબોર્ડના ખોખા અથવા બાસ્કેટમાં મૂકીને જીવદયા મેડિકલ ટિમ સુધી પહોંચાડવું જોઈએ. ભાવનગર શહેરમાં ત્રણથી વધુ હેલ્પલાઈન વાન પણ કાર્યરત કરવામાં આવી છે. જે ઘાયલ પક્ષીઓની સારવાર દવા ડ્રેસિંગ કીટ અને સાધનો સાથે તૈનાત રહેશે.

# કરુણા અભિયાન અંતર્ગત પતંગની દોરથી ઘાયલ પક્ષીઓની શુશ્રૂષા થશે: પ્રતિબંધિત ચાઈનીઝ માંજા સામે પોલીસનું કૉમ્બિંગ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઉતરાયણ તહેવારનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ચૂક્યું છે અને કચ્છની બજારો અવનવા પતંગોની વેરાયટી અને તલની વિવિધ વાનગીઓથી સજ્જ થઇ રહી છે ત્યારે રાજ્યભરમાં પતંગની દોરથી ઘાયલ થયેલાં પક્ષીઓ માટે રાજ્ય સરકાર દ્વારા આગામી દસ દિવસ માટે કરૂણા અભિયાન ચલાવવામાં આવશે જે અંતર્ગત કચ્છના કલેકટર અમિત અરોરાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પતંગની દોરને કારણે ઇજાગ્રસ્ત થયેલાં પક્ષીઓની શુશ્રૂષા માટે તાલુકા કક્ષાએ કુલ ૧૬ કલેકશન સેન્ટર તથા ૧૩ સારવાર કેન્દ્ર કાર્યરત કરાશે તેમાં સામાજિક સંસ્થા અને યુવાનો પણ સહયોગમાં જોડાશે.એક ખાસ કંટ્રોલ રૂમને પણ આગામી ૧૦મી જાન્યુઆરીથી શરૂ કરવામાં આવશે અને તેના નંબર સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમ દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવશે.

રાજયમાં અનેક લોકો અને પક્ષીઓનો ભોગ લેનારા ચાઇનીઝ માંજાનો ઉપયોગ અટકાવવા માટે વન વિભાગ તથા પોલીસ વિભાગ દ્વારા સંયુકત ટીમ બનાવી કૉમ્બિંગ શરૂ કરવામાં આવ્યું છે જેમાં પ્રતિબંધિત દોરા વેચતા વેપારીઓ સામે કાયેદસરની કાર્યવાહી પણ કરાશે. આ અંગે વિગતો આપતાં કચ્છ પશ્ચિમ વન વિભાગના નાયબ વન સંરક્ષકે જણાવ્યું હતું કે, ભુજમાં ચાર સ્થળે ઘાયલ પક્ષીઓની તાત્કાલિક સારવાર આપવા માટે કલેકશન સેન્ટરો ઊભાં કરવામાં આવશે, ઉપરાંત પતંગોત્સવ યોજાવાનો હોઈ બે કલેકશન સેન્ટર ધોરડોના સફેદ રણ ખાતે પણ શરૂ કરવામાં આવશે.

અત્યારથી જ સમગ્ર કચ્છમાં કુલ ૧૩ જેટલાં સારવાર કેન્દ્રો શરૂ કરી દેવામાં આવ્યાં છે જેમાં ભુજ ખાતે સુપાર્શ્વ જૈન સંસ્થા સંચાલિત પશુ દવાખાનું, સરકારી પશુ દવાખાનું ભુજ તેમ જ મુંદરા, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, લખપત, માંડવી, નલિયા, ભચાઉ, રાપર તથા ભીમાસરના સરકારી પશુ દવાખાનાંમાં સારવાર અપાશે. તમામ કલેકશન સેન્ટર ઉપર વન વિભાગના સ્ટાફને ફરજ સોંપવામાં આવશે.

ઉપરાંત નાયબ પશુપાલન નિયામક દ્વારા તાલુકા કક્ષાએ કુલ ૧૫ પશુ ચિકિત્સક અધિકારીઓ તથા ૨૧ બિન સરકારી સંસ્થાઓના ૪૨૬ જેટલા સ્વયંસેવકો દ્વારા સેવા પૂરી પાડવામાં આવશે. આગામી ૧૦મીથી ૨૦મી જાન્યુઆરી સુધી ચાલનારા આ કરુણા અભિયાન અંગે લોકોમાં જાગૃતતા આવે તે માટે પ્રચાર માટે તંત્ર દ્વારા સાહિત્યનું વિતરણ, જાહેર સ્થળોએ બેનર લગાવવા તથા શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવશે.



રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં વાહનોની આવક સવારથી ચાલુ થઈ ગઈ હતી જેમાં મગફળી ભરેલાં અંદાજે ૫૦૦થી વધુ વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી મગફળીની ઉતરાઈ કરાવવામાં આવી હતી. જેમાં મગફળીની અંદાજે ૫૫૦૦૦થી ૬૦૦૦૦ ગુણીની આવક થઈ હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# અમદાવાદ ફ્લાવર શોમાં પહેલા જ દિવસે નવ લાખથી વધુની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર મહાનગર પાલિકા દ્વારા ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે, મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુક્રવારે ફ્લાવર શોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જોકે પહેલા જ દિવસે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૩૨૬૬ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. જેમાં મહાનગર પાલિકાને કુલ ૯,૫૯,૯૫૦ રૂપિયાની આવક થઈ હતી. મુલાકાતીઓ દ્વારા યુપીઆઈ, ઓનલાઈન અને રોકડેથી ટિકિટ ખરીદવામાં આવી હતી. ૨૨ જાન્યુઆરી સુધી સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શો લોકો માટે ખુલ્લો રહેશે. ફ્લાવર શોમાં દેશના વિકાસ, સંસ્કૃતિ અને વારસાનું પ્રદર્શન જોવા મળશે. લગભગ ૧૫ કરોડના ખર્ચે ફ્લાવર શોનું આયોજન કરાયું છે. જેમાં ફૂલોમાંથી વિવિધ સ્કલ્પચર બનાવવામાં આવ્યું છે. આ ફ્લાવર શોને વિવિધ ૬ ભાગમાં વહેંચવામાં આવ્યો છે.

૭ લાખથી વધુ રોપા સાથેની ૪૦૦ ફૂટની ક્રેનિયલ વોલ પણ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. અહીં ૧૦ લાખથી વધુ ફૂલો અને ૩૦ થી વધુ સ્કલ્પચર્સ મૂકવામાં આવ્યા છે. પ્રકૃતિ અને સંસ્કૃતિના સંગમ સમાન આ ફલાવર શોની મુલાકાત પ્રવાસીઓને આકર્ષશે. બાળકો માટેના વિવિધ આકર્ષણો જેવા કે સોવેનિયર શોપ, નર્સરી, ફૂડ સ્ટોલ બધુ જ છે.

આ વખતે કુલ ૬ ભાગમાં ફ્લાવર શો જોવા મળશે. ફ્લાવર શોમાં પહેલી વાર ઓડિયો ગાઈડ આપવામાં આવશે. વિવિધ સ્કલ્પચરની માહિતી ઓડિયો દ્વારા આપવામાં આવશે. કીર્તિ સ્તંભની પ્રતિકૃતિ, ૩ એન્ટ્રન્સ વોલની પ્રતિકૃતિ, આર્ચીસની પ્રતિકૃતિ, કેનોપીની પ્રતિકૃતિ, કેનિયન વોલની પ્રતિકૃતિ, ગરબા કરતી મહિલાઓની પ્રતિકૃતિ, હયાત મોરનાં સ્ટ્રકચરમાં ફ્લાવર લગાવી પ્રદર્શની કરાશે. કુલ ૨૦ દિવસ સુધી ૨૦ લાખથી વધુ રોપાથી અમદાવાદ રિવરફ્રન્ટ મહેકતું રહેશે.

# ભાવનગર ખાતે વાઈબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પોનો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના ઉદ્યોગકારોને પોતાના બિઝનેસના વિસ્તાર માટે તથા ભાવનગરના નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન મળે તેવા ઉદ્દેશ્યથી ભાવનગર શહેરના જવાહર મેદાન ખાતે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા સૌરાષ્ટ્ર ચેમ્બર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૩ થી ૬ જાન્યુઆરી સુધી યોજાનારા વાઈબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પોને કેન્દ્રિય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાનાં હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આગામી તા. ૬ જાન્યુઆરી સુધી યોજાનાર આ એક્સ્પોને ખુલ્લો મુકતાં કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા જણાવ્યું હતું કે, મહારાજા કૃષ્ણકુમારસિંહજીની આ પાવન ધરતી પર વાઇબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝઅલ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે તે ભાવનગરના વિકાસમાં ખૂબ મહત્ત્વનું સાબિત થશે. તેમણે ઉમેર્યું કે, આવનારા દિવસોમાં ભાવનગર મોટા ઉદ્યોગોનું હબ બનશે.



(તસવીર વિપુલ હિરાણી, ભાવનગર)

તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે સંકલ્પબદ્ધ છે. ભાવનગરમાં યોજાઈ રહેલા આ એક્સ્પોમાં ભારત સરકારના એમએસએમઈ મંત્રાલયે સબસિડી આપી સ્ટોલ્સને સ્પોન્સર કર્યા છે. સાથે-સાથે ફૂડ પ્રોસેસસિંગ મંત્રાલયે ફૂડ પ્રોસેસસિંગને લગતા ૨૦ સ્ટોલ્સ માટે સ્પોન્સરશીપ આપી છે, ભાવનગરમાં એમએસએમઈ, પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ, ફૂડ પ્રોસેસસીંગ, શિપિંગ, રોલિંગ મિલ્સ જેવા ઉદ્યોગો વિકસવાનો અવકાશ રહેલો છે. કેન્દ્ર સરકારે આ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ બનાવી જાહેર કરી હતી.

# મોરબીમાં આધારકાર્ડમાં ગેરકાયદેસર સુધારા કરવાનું કૌભાંડ ઝડપાયુ: બે શખ્સોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આધારકાર્ડમાં ગેરકાયદે રીતે સુધારા વધારા થતા હોવાનું કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું હતું. મોરબીના શનાળા રોડ સ્થિત એક દુકાનમાં આધારકાર્ડમાં સુધારા વધારા, ફેરફાર કે પછી નવા બનાવવાની કામગીરી કરવામાં આવતી હતી. જેમાં અરજદારો પાસેથી ૩૦૦થી લઈ પાંચ હજાર રૂપિયા સુધી વસૂલવામાં આવતા હતાં.પોલીસે આ ગેરકાયદેસર ઓપરેટરોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરબીના શનાળા રોડ પર એક દુકાનમાં પોસ્ટમેન અને અન્ય વ્યક્તિએ સરકારી કીટનો ઉપયોગ કરી બનાવટી બાયોમેટ્રીકના આધારે લોકોના આધારકાર્ડમાં સુધારા વધારા, ફેરફાર કે પછી નવા બનાવવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસની તપાસમાં પોસ્ટમેન જયેશભાઈ સરડવા પાસે સરકારી કીટ હોવાનું બહાર આવ્યું હતું.

તે ઉપરાંત ઓનેસ્ટ ઓનલાઈન સેન્ટરના સંચાલક વિજય સરડવા પણ આધારકાર્ડની કામગીરી માટે અધિકૃત નહીં હોવાનું પણ જાણવા મળ્યું હતું. તેઓ આધારકાર્ડના ડેટામાં સુધારા વધારા તેમજ નવા બનાવવા માટે અન્યની આઈડીની કીટનો ઉપયોગ ઉપયોગ કરતાં હતા. આ બંને જણા આધારકાર્ડના કામમાં લોકો સાથે છેતરપિંડી કરતા હોવાની મોરબીમાં રહેતા પોસ્ટ માસ્તર પરાગ વસંતે પોલીસ ફરિયાદ કરતાં પોલીસે બંનેની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેલ મહાકુંભ ૩.૦માં રેકોર્ડ બ્રેક ૭૧.૩૦ લાખ રમતવીરો ભાગ લેશે: રાજ્ય સરકાર કુલ ૪૫ કરોડના પુરસ્કાર આપશે

અમદાવાદ: ગુજરાતમાં ખેલ મહાકુંભ ૩.૦નો ઉદ્દઘાટન સમારંભ આજે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, એથ્લેટીક્સ ગ્રાઉન્ડ પર યોજવામાં આવશે. આ સમારોહમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખેલ મહાકુંભ ૨.૦ની રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ૩ શાળાઓને રોકડ-પુરસ્કાર અને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવશે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રેકોર્ડ બ્રેક કુલ ૭૧,૩૦,૮૩૪ રજિસ્ટ્રેશન થયા હતાં.

રમતગમત પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. તે સમયે ૧૩ લાખ રમતવીરોની સહભાગીતાથી શરૂ થયેલા આ મહાકુંભમાં આજે ૭૧.૩૦ લાખથી વધુ રમતવીરો હોંશભેર ભાગ લઈ રહ્યા છે. ખેલ મહાકુંભ ૨.૦ના રાજ્યકક્ષાના શ્રેષ્ઠ ૩ જિલ્લાઓ જેમાં ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન ખેડા જિલ્લો, સ્ટેટ રનર્સઅપ દાહોદ જિલ્લો અને સ્ટેટ સેન્કડ રનર્સ અપ બનાસકાંઠા જિલ્લાને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવશે. ખેલ મહાકુંભ ૨.૦ની રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ૩ મહાનગરપાલિકાઓ જેમાં ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન સુરત મહાનગરપાલિકા, સ્ટેટ રનર્સઅપ અમદાવાદ મહાનગરપાલિકા અને સ્ટેટ સેન્કડ રનર્સ અપ વડોદરા મહનગરપાલિકાને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવશે.

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રેકોર્ડ બ્રેક કુલ ૭૧,૩૦,૮૩૪ રજિસ્ટ્રેશન થયા છે. અંડર-૯ કેટેગરીથી માંડીને અબોવ-૬૦ કેટેગરી સુધી મળીને વિવિધ ૭ વયજુથના ખેલાડીઓ વિવિધ ૩૯ રમતોમાં ભાગ લેશે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રમતવીરોને રૂ. ૫ લાખથી માંડીને રૂ.૧૦ હજાર સુધીના રોકડ પુરસ્કાર આપવામાં આવશે. એમ રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૪૫ કરોડના રોકડ પુરસ્કાર તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને આપવામાં આવશે. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યુ છે.

# રાજકોટમાં વાહન વ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે એસ.ટી.વિભાગનાં ૯.૮ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં આજથી ખેલ મહાકુંભ ૩.૦નું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદઘાટન થવાનું છે. બીજી તરફ વાહન વ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે ૯૮૦.૩૭ લાખના ખર્ચે એસ.ટી નિગમના વિવિધ કામોના ઈ-લોકાર્પણ કરાશે. રાજકોટ ખાતે અંદાજીત રૂ.૬૩૭.૩૭ લાખ ના ખર્ચે આકાર પામેલ એસ.ટી. વિભાગીય કચેરી અને ગોંડલ ખાતે ૩૪૩.૦૦ લાખના ખર્ચે તૈયાર થયેલા ગોંડલ એસ.ટી. ડેપો વર્કશોપ તેમજ અદ્યતન ટેકનોલોજીથી સજજ નવીન ૮ હાઈટેક વોલ્વો બસોનું લોકાર્પણ કરાશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં આધુનિક ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ વોલ્વો બસો નાગરિકોની મુસાફરીને વધુ આરામદાયક બનાવશે. ૨.૨ લેધર પુશબેક સીટ, સી.સી.ટી.વી. કેમેરા, મોબાઈલ ચાર્જીંગ ફેસીલીટી, ફાયરસેફટી માટે અદ્યતન સ્પ્રીંકલ સિસ્ટમ, સ્મોક ડીટેકટર અલાર્મ, એલ.ઈ.ડી. ટી.વી., એકઝોસ્ટ ફેન સાથે હેચ તેમ જ ઇમરજન્સી એક્ઝીટ ડોર જેવી સુવિધાઓથી લોકોની જનસુખાકારીમાં વધારો થશે. રાજકોટ વિભાગીય કચેરી ખાતે કામકાજ અર્થે આવનાર લોકો અને ગોંડલ એસ.ટી. ડેપો વર્કશોપ ખાતે કરવામાં આવતા નિગમની બસોના મેન્ટેનન્સની સુવિધામાં વધારો થશે.

નવીન ઈન્ફાસ્ટ્રકચર બાંધકામ માટે ફાળવેલ સહાય થકી રાજકોટ ખાતે ૧૪૩૧.૦૦ ચોરસ મીટર વિસ્તારમાં અંદાજીત રૂ.૬૩૭.૩૭ લાખના ખર્ચે તૈયાર થયેલી એસ.ટી.વિભાગીય કચેરી અને ગોંડલ મુકામે ૧૬૯૯૭.૦૦ ચોરસ મીટર વિસ્તારમાં અંદાજી ૩૪૩.૦૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા ગોંડલ એસ.ટી.ડેપો વર્કશોપ તેમજ અદ્યતન ટેકનોલોજીથી સજજ નવીન ૦૮ હાઈટેક વોલ્વો બસોનું લોકાર્પણ કરવામાં આવશે.



રાજકોટના પોપટભાઈ સોરઠિયા માર્કેટ યાર્ડ ખાતે ડુંગળીની ઉતરાઈ આપવામાં આવી હતી, જેમાં ડુંગળી ભરેલાં અંદાજે ૪00થી વધુ વાહનોને સાંજ સુધીમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને જેમાં અંદાજે 30000 ડુંગળી કટ્ટાની આવક નોંધાવા પામી હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# માંડવીના પિયાવા પાસે પૂરપાટ દોડતી કાર નાળાંમાં ખાબકતાં બે યુવાનોનાં મોત

ભુજ: કચ્છના રમણીય માંડવી શહેરની ભાગોળે પિયાવા ગામના વાડી વિસ્તારમાં નર્મદા કેનાલ નજીક ગત મધરાત્રે હોન્ડા સિટી કાર પલટી મારી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે યુવાન મિત્રોનાં ગંભીર ઈજાઓ પહોંચવાથી મૃત્યુ નીપજ્યાં હતાં. ઘટના અંગે કોડાય પોલીસે આપેલી પ્રાથમિક માહિતી મુજબ દુર્ઘટના ગત મધરાત્રે સવા બાર વાગ્યાના અરસામાં સર્જાઈ હતી, જેમાં પૂરઝડપે જતી કારના ચાલકે સંતુલન ગુમાવી દેતાં બેકાબૂ બનેલી કાર સેંકડો વખત પલટી મારીને માર્ગની સાઈડના ખાડામાં ખાબકી હતી. આ અકસ્માતમાં કારચાલક હિતરાજસિંહ સરદારસિંહ પલ (૨૨) અને સાવન નારણભાઈ ગોસ્વામી (૨૦)ના ગંભીર ઈજાઓથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મૃત્યુ નીપજ્યાં હતાં. હિતરાજ અને સાવન માંડવી જૈન આશ્રમ નજીક આવેલા રિદ્ધિ સિદ્ધિનગરમાં રહેતા પડોશી મિત્રો હતા. હિતરાજ મૂળ અબડાસાના ખૂઅડા અને સાવન અબડાસાના ધૂફી ગામના વતની હતા. બંને યુવકો અપરિણીત હતા અને તેમનાં અકાળે મૃત્યુથી પરિવારો ઘેરા આઘાત શોકમાં ડૂબી ગયાં હતા.